Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



નિદ્રા મહિં નહિ હતું, તન ભાન જ્યારે,
જેણે જુઓ પૂરણ, રક્ષણ કીધું ત્યારે,
તેને પ્રભાત સમયે, પ્રથમે સ્મરૂરે.
કાર્યો બધા દિવસનાં, પછીથી કરૂરે.

પુસ્તક : ૯૦
અંક : ૮-૯

જેઠ-અષાડ
જુન-જુલાઈ-૯૩

આત્મ સંવત ૯૭
વીર સંવત ૨૫૧૯
વિક્રમ સંવત ૨૦૪૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | અવસર બેર–બેર નહિ આવે | આનંદઘનજી | ૬૭ |
| (૨) | પુણ્યવિજયજી મહારાજની પુણ્ય સ્મૃતિ | — | ૬૮ |
| (૩) | શ્રેણિકરાજાનું સમકિત | પ્રવચનકાર આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. | ૭૪ |
| (૪) | "આયુષ્ય ઘટતું જાય તો પણ બુદ્ધિ નવ ઘટે | કનોડીયા મનીષ નગીનદાસ | ૭૮ |
| (૫) | સૂર અને સોમ | સંપાદિકા : ભાનુમતી ન. શાહ | ૮૦ |


## નવા આજીવન સભ્યશ્રી

**(૧) શ્રી પ્રણવ નિરંજનકુમાર વાંકાણી ભાવનગર.**

# જૈન–ધાર્મિક બુદ્ધિ કસોટી પરીક્ષા તથા ઇનામ વિતરણ

સંકલન : મનિષ આર. મહેતા

શ્રી વૃદ્ધિચંદ્રજી મ. સાહેબની સ્વર્ગારોહણ શતાબ્દી વર્ષ નીમીત્તે શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળાના ૧૦૦ વર્ષની પૂર્ણાવતી નીમીત્તે પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય મેરૂપ્રભ સુરીશ્વરજી મ. સાહેબના શુભ આશીર્વાદથી નૂતન ઉપાશ્રયે તા. ૨૯–૫–૯૩ ના રવિવારે સવારે ૯–૩૦ કલાકે પૂ. મુનિશ્રી હર્ષબેન વિજયજીના મંગલ માંગલીક દ્વારા શરૂ થયેલ પરીક્ષાનું ઉદ્ઘાટન રાષ્ટ્રપતી એવોર્ડ વિજેતા પ્રા. પ્રફુલ્લાબેન વોરાના વરદ્ હસ્તે દિપ પ્રગટાવી થયેલ પૂ.સા. દક્ષયશાશ્રીજી તથા પૂ.સા. ધૃતીયશાશ્રીજી મ.સા. જીવ–અજીવ સ્થાવર વિગેરે જૈનતત્વની વસ્તુ સુંદર રીતે ગોઠવાયેલ જે પરીક્ષાર્થીએ દશ મીનીટ જોઈ અને પછી યાદ રાખી મેમરી–ટેસ્ટ આપેલ. ૧૫૦ની વિશાળ સંખ્યાએ ભાગ લીધેલ ઉપાશ્રયમાં વિપુલભાઇ સલોત એ સાડીનું સુંદર ડેકોરેશન કરેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનીષભાઇ મહેતા તથા સંજય ઠારે કરેલ.

પરીક્ષાનું ઇનામ મંગળવાડી રળીયાતબેનના ઉપાશ્રયે આપવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્‌તંત્રી : **શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ** એમ.એ., બી.કોમ, એલ.એલ.બી.


## અવસર બેર-બેર નહિ આવે

રાગ : આશા ગોડી

બેર-બેર નહિ આવે, અવસર
બેર-બેર નહિ આવે ટેક

જ્યુ જાને ત્યું કરલે ભલાઈ,
જનમ જનમ સુખ પાવે, અવસર... ૧

તન ધન જોબન સબહી ઝૂઠે,
પ્રાણ પલકમે જાવે, અવસર... ૨

તન છૂટે, ધન કૌન કામકો ?
કાહેકું કૃપાણ કહાવે ? અવસર... ૩

જાકે દિલમેં સાચ બસત હે,
તાકું ઝૂઠ ન ભાવે, અવસર... ૪

આનંદઘન પ્રભુ ચલત પંથમે,
સમર સમર ગુન ગાવે, અવસર... ૫

— આનંદઘનજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમ પૂજ્ય આગમ પ્રભાકર શ્રુતશીલ વારિધિ મુનિરાજશ્રી
# પુણ્યવિજયજી મહારાજની પુણ્ય સ્મૃતી

**આ**જથી ૨૬ (છવીશ) વર્ષ પૂર્વે આગમો અને ગ્રંથોના અજોડ સંશોધક પ. પૂ. આગમ પ્રભાકર શ્રુતશીલ વારીધી મુનીરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબ આપણી આત્માનંદ સભાના **"મણી મહોત્સવ"** પ્રસંગે ભાવનગર તા. ૩૦–૪–૬૭ તથા ૧–૫–૬૭ સં. ૨૦૨૩ ચૈત્ર શુદ ૭ અને ૮ ના રોજ પધારેલ.

આપણી સભા દ્વારા આત્માનંદ પ્રકાશ મુનિશ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક પુનઃ પ્રકાશન લેખ.

મુનિજીનો જન્મ ઈ. ૧૮૯૫ ને સત્તાવીશમી ઓક્ટોબર રવિવારે થએલો. વિ. સં. પ્રમાણે એ દિવસ કાર્તિક સુદ પાંચમનો, જૈનધર્મ પ્રમાણે એ જ્ઞાનપંચમી આમ, જ્ઞાનપંચમીને દિવસે જન્મેલા પુણ્યવિજયજીએ આજીવન તીવ્ર જ્ઞાનોપાસના કરીને જન્મદિનને સાર્થક કર્યો.

પુણ્યવિજયજી તો એમનું દીક્ષાનામ; એમનું જન્મનામ તો હતું મણિલાલ. પિતાનું નામ ડાહ્યાભાઈ દોશી. પત્ની તથા પુત્રને કપડવણજમાં મૂકી એમણે મુંબઈમાં નશીબ અજમાવવું શરૂ કરેલું; કપડવણજમાં આગનો અકસ્માત બન્યો. એટલે તરત જ એ વતન આવી. પત્ની માણેકબેન અને પુત્ર મણિલાલને પોતાની પાસે મુંબઈ લઈ ગયા. આ રીતે પુણ્યવિજયજીનાં બાળપણ અને કિશોરકાળ મુંબઈમાં વીત્યાં.

પિતા ડાહ્યાભાઈ ધંધાર્થી છતાં ય ધર્મબુદ્ધિવાળા. માતા માણેકબેન તો પૂરેપૂરાં ધર્મનિષ્ઠ સન્નારી. એમના જમાનામાં જ્યારે કન્યા–કેળવણી નામવત્ હતી ત્યારે માણેકબેને ગુજરાતી છ ધોરણનો અભ્યાસ કરેલો. માતાનું આ વિદ્યાબીજ જ પુત્ર મણિલાલમાં છેવટે વિકસીને વટવૃક્ષ બન્યું.

મુંબઈમાં પિતૃછાયા નીચે અંગ્રેજી છ ધોરણ સુધી અભ્યાસ કર્યો. ત્યાં જ પિતાનું અવસાન થયું, ધર્મનિષ્ઠ વિધવા માતાને હવે દીક્ષા લેવા પ્રબળ ઇચ્છા થઈ. પરંતુ પુત્રની બાળ વય જોઈ વિચારમાં પડી ગયાં. આખરે પુત્રને પણ દીક્ષા લેવડાવવામાં જ એમણે શ્રેય માન્યું. પાલીતાણામાં ચાતુર્માસ ગાળી, ત્યાંની નવ્વાણું ધર્મયાત્રા વિધિપૂર્વક પતાવી, માતા માણેકબેન વડોદરા પાસેના છાણી ગામે આવી પહોંચ્યાં. ત્યાં પોતાના પુત્ર મણિલાલને શ્રી કાંતિવિજયજીના મુનિમંડળને ચરણે સોંપ્યો. ગુરુ ચતુરવિજયજીએ મણિલાલને વિ. સં. ૧૯૬૫ના મહા વદ પાંચમે, એટલે કે ઈ.સ. ૧૯૦૯ના ફેબ્રુઆરી માસમાં દીક્ષા આપી. એ વખતે મણિલાલની વય તેર–ચૌદ વર્ષની. હવે બાળક મણિલાલ દીક્ષિત પુણ્યવિજય બન્યા.

એમની સાચી કેળવણીનો પ્રારંભ દીક્ષિત જીવનના આરંભથી જ થયો કહેવાય. જો કે એકધારો સળંગ વ્યવસ્થિત અભ્યાસ કરવાનું તો ક્યારે ય બન્યું જ નહોતું, છતાં ય પ્રગુરુ કાંતિવિજયજી ને ગુરુ ચતુરવિજયજીએ નવદીક્ષિત પુણ્યવિજયજીમાં ઊંડો રસ લઈ એમને કેળવણીની કેડીએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાવી મૂક્યો. એમના અભ્યાસ માટે જે બે–ચાર શિક્ષકો વિદ્યાદાન કરતા તેમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી મોખરે હતા. પાછળથી તો આ ગુરુ–શિષ્ય સંબંધ ગાઢ મૈત્રીમાં પરિણમેલો. વળી, ગુરુ ચતુરવિજયજી તો સંશોધન અને સંપાદનના પણ જબરા શોખીન. એમનાં જ સહવાસથી પુણ્યવિજયજીમાં સંશોધનની જિજ્ઞાસા મહોરી ઊઠી, જેનાં મીઠાં ફળ એમની સુદીર્ઘ સંશોધન–પ્રવૃત્તિમાં જોઈ શકાય છે.

પ્રગુરુ કાંતિવિજયજીની વૃદ્ધાવસ્થા હોઈ પ્રશિષ્ય પુણ્યવિજયજીને લાગલાગટ અઢાર વર્ષ એમની પાસે સેવાર્થે પાટણમાં જ રહેવાનું થયું. આ વખતે પણ એમના જ્ઞાનપિપાસુ આત્માએ મળેલી તકનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો. સૈકાઓથી સંઘરાએલી, વિવિધ જ્ઞાનની ખચિત હસ્તલિખિત પોથીઓથી સમૃદ્ધ એવા પાટણના બધા જ જ્ઞાનભંડારોનું એમણે એ દરમ્યાન અવલોકન કર્યું. પછી જુદા જુદા જ્ઞાનભંડારોની અવ્યવસ્થામાં વ્યવસ્થા લાવવાનો એમને વિચાર આવ્યો, અને અત્યંત પરિશ્રમ ઉઠાવી એમણે એ ભંડારોના સુદીર્ઘ સૂચિપત્રો જાતે જ તૈયાર કર્યાં. અંતે એમના પ્રયાસથી પાટણમાં 'હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર'ની સ્થાપના થઈ.

દીક્ષાના પ્રથમ વર્ષે જ પ્રગુરુ અને ગુરુ પાસે એમણે બધાં પ્રકરણોનો અભ્યાસ કરી લીધો. ત્યાર બાદ બીજે વર્ષે ખેડા જિલ્લાના વસો ગામના શ્રાવક ભાઈલાલ પાસે સંસ્કૃત 'માર્ગોપદેશિકા'નો અભ્યાસ કર્યો, પછી પંડિત શ્રી નિત્યાનંદજી શાસ્ત્રીની નિશ્રામાં 'સિદ્ધહેમ લઘુવૃત્તિ', હેમલઘુપ્રક્રિયા', 'ચંદ્રપ્રભા વ્યાકરણ', 'હિતોપદેશ', 'દશકુમારચરિત' વગેરે શાસ્ત્રો અને સર્વ ગ્રંથોનું પરિશીલન કર્યું, ત્યાર પછી તો પાળિયાદ નિવાસી પંડિત શ્રી વીરચંદભાઈ મેઘજી પાસે એમણે 'લઘુવૃત્તિ'નો અધૂરો રહેલો અભ્યાસ પૂરો કરવા ઉપરાંત કાવ્યોનું પણ વાચન કર્યું, તો જૈન તત્ત્વજ્ઞાન અને ભારતીય દર્શનશાસ્ત્રના પારગામી પંડિત સુખલાલજી પાસે વિ. સં. ૧૯૭૧–'૭૨માં અનુક્રમે પાટણ અને વડોદરામાં 'કાવ્યાનુશાસન', તિલકમંજરી', 'તર્કસંગ્રહ' તેમ જ 'છંદોનુશાસન' જેવા પ્રશિષ્ટ અભ્યાસગ્રંથોનું વિગતે પરિશીલન કર્યું. આ બધા અભ્યાસે એમના જ્ઞાનની ક્ષિતિજોનો અને દૃષ્ટિકોણોનો અદ્ભુત વિકાસ કર્યો. એમના આ અભ્યાસકાળમાં આપણને એક સત્ત્વનિષ્ઠ અને સત્યનિષ્ઠ જ્ઞાન-સાધકના દર્શન થાય છે. એક સાચા વિદ્યા–અર્થીને છાજે તેવી ઉત્કટ જિજ્ઞાસા, ઉચ્ચ બુદ્ધિમત્તા. ઉષ્માયુક્ત જ્ઞાનોપાસના, ઉદ્દીપ્ત શ્રમસાધના અને ઉદાહરણીય વિનમ્રતાનાં પુણ્યવિજયજીમાં જે દર્શન થાય છે તે આજના યુગના પરીક્ષાલક્ષી વિદ્યાર્થીને માટે અનુકરણીય અને અનુસરણીય છે.

એમની આ વિદ્યાભ્યાસની ધારા સાથે શાસ્ત્ર–સંશોધનની ધારા પણ ચાલતી જ રહી. સંશોધન અને કેળવણી અન્યોન્ય પૂરક થઈ પડયાં, એમની સંશોધન–પ્રવૃત્તિનો આરંભ મુનિ રામચંદ્ર રચિત સંસ્કૃત 'કૌમુદી–મિત્રાનંદ–નાટક'નું ઇ. ૧૯૧૭માં સંપાદન કર્યું ત્યારથી ગણી શકાય; ત્યાર પછીના જ વર્ષે, ૧૩મી સદીમાં થએલા મુનિ રામભદ્રના 'પ્રબુદ્ધ રૌહિણેય નાટક'નું સંપાદન કર્યું. એ જ અરસામાં આચાર્ય મેઘપ્રભનું 'ધર્માભ્યુદય–છાયા નાટક' સંપાદિત કર્યું. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત ઐન્દ્રસ્તુતિ–ચતુર્વિંશતિકા'નું સંપાદન એમણે ૧૯૨૮માં કર્યું. આ રીતે એમણે અભ્યાસ સાથે સંપાદનમાં પણ પોતાની પ્રતિભા કેળાવી. એમની સકલ જ્ઞાન-પ્રતિભા ત્રણ માર્ગે કાર્યરત રહી છે : (અ) પ્રાચીન સાહિત્ય સંસ્કૃતિના સંશોધન–સંપાદનમાં, (બ) પ્રાચીન ગ્રંથભંડારોના વિશ્લેષણ અને વ્યવસ્થાકાર્યમાં, (ક) દેશી–પરદેશી જ્ઞાનપિપાસુઓ અને અભ્યાસીઓના સંશોધનકાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયભૂત થવામાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંપાદક તરીકેની એમની ખ્યાતિ મુખ્યત્વે ૧૯૩૩ થી'૪૨ સુધીમાં પ્રગટ થએલ 'બૃહત્કલ્પસૂત્ર' ના નિર્યુક્તિ અને ટીકા સાથેના છ ભાગ, 'વસુદેવ હિંડી'ના બે ભાગ, તથા 'અંગવિજ્જા', 'આખ્યાનકમણિકોશ', 'કલ્પસૂત્ર' 'નંદિસૂત્ર' વગેરે પર આધારિત છે. આ ઉપરાંત એમણે પાટણ, ખંભાત, લીંબડી, જેસલમેર, બિકાનેર, જોધપુર, ભાવનગર, પાલીતાણા, વડોદરા, અમદાવાદ, આદિના જ્ઞાનભંડારોની ચીવટપૂર્વક તૈયાર કરેલી ગ્રંથસૂચિઓ એમની અથાક શ્રમશીલતા ને અદ્ભુત ધીરજની દ્યોતક છે. એમાંય જેસલમેરના ગ્રંથભંડારની પ્રવૃત્તિ તો દાદ માગી લે તેવી છે.

આશરે ઇ. ૧૯૫૦નો સમય, જેસલમેરના વિશાળ અને બિકટ ગણાતા ગ્રંથભંડારનું સંશોધન કરવાના અડગ નિર્ધારથી એમણે અમદાવાદથી રેલ્વેના પાટે પાટે પદયાત્રા આરંભી હજુ પ્હો ફાટતાં પહેલાંનું અંધારૂં હતું. ચાલતાં ચાલતાં તેઓશ્રી પંદર–સત્તર ફૂટ ઊંડા એક ગરનાળામાં પછડાયા ! પરંતુ દૈવ કૃપાએ આબાદ રીતે ઉગરી ગયા અને ઉભા થઇ વળી પાછો એમણે લગભગ તેર માઇલનો પગપાળા પ્રવાસ કાપ્યો. જેસલમેરની કષ્ટયાત્રાનો આ તો આરંભ જ હતો !

અંતે એઓ ત્યાં પહોંચ્યા ત્યારે પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો. મરૂભોમમાં વેરવિખેર ગામડાં, અબુધ પ્રજાજનો સાથે પનારો પડવો, બળબળતી રેતીમાં ખુલ્લે પગે પ્રવાસ ખેડવો, જ્ઞાનભંડારના નિયમજડ રક્ષકોને રીઝવવા : આ બધું જ સહીને એમણે જેસલમેરના જ્ઞાનભંડારમાં સંશોધનના શ્રી ગણેશ માંડયાં. ત્યાં દોઢેક વર્ષ રહ્યા એ દરમ્યાન ખાવાપીવાની પણ પ્રતિકૂળતા. મકાઈના રોટલા ને જાડી દાળ પર જ એમણે દિવસો ગુજારવા માંડયા. ક્યારેક તો પીવ ના પાણીની પણ ભારે તંગી પડે. પરંતુ આ સંકટમય સંજોગોનાં ઝાપટાં એમના અખંડ પ્રજ્વલિત જ્ઞાનદીપને સહેજ પણ હતપ્રભ કરી શક્યાં નહિ. આ કષ્ટોના કંટકોએ એમની અવિરત કર્મયાત્રાને સહેજ પણ થંભાવી નહિ. બલ્કે આ મુસીબતોએ એમને વધારે મહેનતુ બનાવ્યા, આફતોએ વધુ આશાવાદી બનાવ્યા ને પ્રતિકૂળતાની ધોંસે એમને વિશેષ ધૈર્યવાન બનાવ્યા. આખા ભંડારને એમણે પુનર્વ્યવસ્થિત કર્યો તેમજ શ્રમસાધ્ય વિસ્તૃત સૂચિ તૈયાર કરી. દુષ્પ્રાપ્ય હસ્તપ્રતોની જાળવણી કેમ થાય એનું એમણે સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું. ત્યાંની અમૂલ્ય તાડપત્રીએ ની એમણે માઇક્રો ફિલ્મ લેવડાવી કે જેથી પછીના કાળમાં સહુ એનો ઉપયોગ કરી શકે. અને તદનુસાર આ તાડપત્રીઓનો ભારતના તેમજ ભારત બહારના અનેક અભ્યાસીઓએ ઉપયોગ કર્યો પણ છે. એમનું જેસલમેરનું કાર્ય એમની તીવ્ર જ્ઞાનોપાસના, દુરંદેશીપણું અને અપાર ખંત તેમજ ધીરજની ગવાહી પૂરે છે.

પણ આ સૌમાં જૈન આગમોનો અદ્યતન ઢબે અભ્યાસ કરી તેની પુનર્વાચનાઓ તૈયાર કરવાનો એમનો પુરૂષાર્થ શિરમોર જેવો છે. પિસ્તાળીશ જેટલાં જૈન આગમોનો, એની નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકાઓનો, પ્રથમ તો કેટલાંક વર્ષો સુધી એમણે મૂક અભ્યાસ કર્યો. પછી બે–ત્રણ સંનિષ્ઠ લહિયાઓની મદદથી એમણે સંપાદનો તૈયાર કરવા માંડયાં. પરંતુ આ વખતે એ લહિયાઓને ચૂકવવાના પૂરા પૈસાની પણ સગવડ નહિ. છતાંય પોતાનું અજાચક વ્રત એમણે છોડયું નહિ. ઈ. ૧૯૪૭–૪૮ માં શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇને આ વાતની ખબર પડી. એમણે મુનિશ્રીનું કાર્ય નિહાળ્યું અને પ્રસન્ન થઈ લહિયાઓનું લહેણું ભરપાઈ કરી આપ્યું. એટલું જ નહિ પણ મુનિજીને પોતાનું સંશોધનકાર્ય આગળ ધપાવવામાં સર્વ રીતે સહાય કરવાનું એમણે વચન આપ્યું. આ આગમોની છેલ્લી વાચનાઓ આજથી લગભગ પંદર સો વર્ષ પૂર્વે વલભીપુરમાં શ્રી દેવર્દ્ધિગણિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષમાશ્રવણના માર્ગદર્શન નીચે તૈયાર થએલી; ત્યાર પછી છેક આ કાળે મુનિશ્રી પુણ્યવિજયજીએ અપાર પુરૂષાર્થથી જે નવી વાચનાઓ તૈયાર કરી તે જૈનધર્મમાં અને આ સદીના સંપાદનક્ષેત્રમાં અમૂલ્ય અને અદ્વિતીય પ્રદાન લેખાશે. આમાંના બે ગ્રંથો-ચૂર્ણિ સાથેનું 'નંદીસૂત્રમ્' અને વિવિધ ટીકાઓ સાથેનું 'નંદીસૂત્રમ્ '-તો અનુક્રમે ઈ. ૧૯૬૬ અને ૧૯૬૮માં છપાઈને પ્રકટ પણ થયાં છે. એમના આ ભગીરથ પ્રયાસને અનુલક્ષીને એમને 'આગમપ્રભાકર' કહેવામાં આવ્યા છે તે ઉચિત જ છે.

સંપાદન ઉપરાંત હસ્તપ્રતો ભેગી કરવી, ગોઠવવી, તેની અન્વીક્ષા કરવી, એ પણ એમની પ્રિય પ્રવૃત્તિ રહી, તે અંગેનો ઇ. ૧૯૩૫માં પ્રગટ થએલો 'ભારતીય શ્રમણસંસ્કૃતિ અને લેખનમાળા, નામક દીર્ઘ નિબંધ આ વાતની સાખ પૂરે છે. વિવિધ કાળની હસ્તપ્રતો વાંચવાની આ પ્રવૃત્તિને પરિણામે એમણે દેવનાગરી પહેલાંની બ્રાહ્મી લિપિ ઉકેલવાનું તેમજ દેવનાગરીના સદીએ બદલાએલા મરોડ ઉકેલવાનું કાર્ય આત્મસાત્ કર્યું. સાથેસાથે વિવિધ સૈકાની દેવનાગરી લિપિ લખવામાં પણ એમણે નિપુણતા મેળવી લીધી. પ્રાચીન ચિત્રકળા, લિપિશાસ્ત્ર, સિક્કા, મૂર્તિઓ વગેરે પુરાતત્ત્વ વિષયોના પણ એ અચ્છા જ્ઞાતા હતા. લિપિશાસ્ત્રના તો એ એવા અસાધારણ અભ્યાસી હતા કે લિપિ પરથી કઈ હસ્તપ્રત કઈ સદીની હશે તેનું ચોક્કસ અનુમાન કરી શકતા.

સંશોધક તરીકે સાંપ્રદાયિક અને છતાં વ્યક્તિગત મત-માન્યતાઓથી મુક્ત એવી ઐતિહાસિક દૃષ્ટિ તેમની પાસે હતી. તુલનાત્મક અભ્યાસરીતિ અને સત્યાન્વેશી સંશોધનપ્રીતિ એમને સહજ હતાં. આથી જ એઓ પોતાના સંશોધન હેઠળની કૃતિની ખૂબી-ખામીનું તાટસ્થ્યપૂર્ણ દર્શન કરી શકતા. ગુણગ્રાહક દૃષ્ટિએ એમનામાં કોમળતા અને સહાનુભૂતિ પ્રગટાવ્યાં હતાં તો સત્યોપાસનાએ નિર્ભયતાં અને નિષ્પક્ષપાત ખીલવ્યાં હતાં. એમની સર્વાંગી અન્વેષણાત્મક દૃષ્ટિએ એમની પાસે અણિશુદ્ધ સંપાદનો કરાવ્યાં છે. માઈક્રો ફિલ્મ, ફોટોસ્ટેજ તેમજ એન્લાર્જમેન્ટ જેવી વૈજ્ઞાનિક સાધનપદ્ધતિનો પણ એમણે સંશોધક તરીકે પૂરતો ઉપયોગ કર્યો છે.

આવા જ્ઞાનવીર સાધુપુરુષનું વ્યકિતત્વ પણ આકર્ષક અને અદ્‌ભુત હતું. ચિત્તની નિર્વિકાર અવસ્થામાંથી પ્રગટેલી મુદ્રા હરહંમેશ એમના વદન પર અંકિત રહેતી. નિર્ભેળ જ્ઞાનસાધનાએ એમના વ્યકિતત્વને અત્યુચ્ચ બનાવ્યું હતું. પરિણામે એમની વિરતિ રસહીન કે ઉદાસ નહોતી, પણ સદા પ્રસન્નતાથી છલકાતી રહેતી. એમની સરળતા ને સમતા એમનાં વાણી-વર્તનમા સદા નર્તન કર્યા કરતી. એમની અનાસકિતએ એમને કઠોર નહિ પણ કોમળ બનાવ્યા હતા. કોઈનું પણ દુ:ખ જોઈ એમનું દિલ દ્રવી જતું. એમની પાસે આવનાર કોઇ પણ દુખિયું પ્રશાંત થયાં વગર પાછું ફરતું નહિ.

હસ્તપ્રતોનો એમનો પરિગ્રહ પણ ઉદારતા અને પરોપકારનો પ્રેર્યો હતો. આથી જ કોઈ પણ અભ્યાસી કે વિદ્વાન એમની પાસે આવે કે તરત જ પોતાના સંગ્રહમાંથી, સહેજ પણ સંકોચ વગર, એ આવનારને ઉપયોગી સામગ્રી પૂરી પાડતા, આશંકા કે અવિશ્વાસનું સહેજ પણ નામ નહિ. એમની આ વૃત્તિ જ સામેની વ્યકિતમાં પણ વિશ્વાસનું વાવેતર કરતી. વિશ્વાસથી જ વિશ્વાસ કેળવાય છે એની પ્રતીતિ એમણે પોતાના વર્તન દ્વારા કરાવી આપી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદારતા પણ એવી જ અનુકરણીય, અમદાવાદમાં 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ના આરંભમાં એમણે પોતાની દસ હજાર હસ્તપ્રતો તદ્દન નિર્મમપણે કાઢી આપી હતી. નિખાલસતા અને નમ્રતા પણ એમના વ્યક્તિત્વને દીપ્તિમંત કરતાં. અને એમની વત્સલતાથી તો કોઈ અનભિજ્ઞ નથી. જૈન કે જૈનેતર, નિરક્ષર કે સાક્ષર, ધનિક કે નિર્ધન સૌના પ્રત્યે એ પૂરો સમભાવ રાખતા.

એઓ રૂઢિગ્રસ્ત આચાર–વિચારની મર્યાદા જાણતા, તો નવી નવી ઉપયોગિતાને પણ પિછાણતા, આથી જ ક્ષીરનીર–વિવેક એઓ જાળવી શકતા. શ્રમણસંઘના ભિન્નભિન્ન સમુદાયો વચ્ચે જે વાડાબંધી જેવું હોય છે તેનાથી તેઓ સર્વદા અલિપ્ત રહેતા. કોઈ પણ ગચ્છના અનુયાયીનો એમને છોછ નહોતો. આ રીતે એમણે એક આદર્શ શ્રમણનું ઉદાહરણ પૂરું પાડયું છે. પરનિંદાથી પર પુણ્યવિજયજીએ સામી વ્યક્તિના નાનામાં નાના ગુણને પણ મોટો ગણી સન્માન્યો હતો.

જ્ઞાનની જેમ એમણે ચારિત્ર્ય પર પણ ખૂબ ભાર મૂકયો હતો. શીલ અને પ્રજ્ઞા જ ઉચ્ચ વ્યક્તિત્વનાં ઘડતર–બળો છે એમ એમના જીવન પરથી કોઇ પણ કળી શકતું. એમની વિદ્યાને અલંકારનો ઓપ નહોતો દીધો.

પોતાના અવિરત જ્ઞાનયજ્ઞનો ભંગ ન થવા દેવા માટે એમણે જુંનવાણી કક્ષાના મોટામોટા આડંબરી મહોત્સવો ટાળ્યા હતા. તેમ એ જ ઇરાદાથી સુધારાના બહાના નીચે ઉપાડવામાં આવતી ઊહાપોહયુક્ત ચળવળથી પણ એઓ સદા દૂર રહ્યા હતા. પદવી કે પદની એમણે ક્યારેય આકાંક્ષા રાખી નહોતી. શિષ્યો કે નામના મેળવવા પાછળ પણ એમણે નજર રાખી નહોતી. આથી જ આવા સાંસારિક વ્યામોહથી પર રહી એઓ એકધારી જ્ઞાનસાધના અને આત્મસાધના કરી શકયા હતા. 'મુનિ' તો જૈન સૂરિઓમાં સામાન્ય પદવી છે. જ્યારે 'આચાર્ય'ની પદવી અતિ માનવંતી છે. વડીલ સૂરિઓ અને પાટણના શ્રીસંઘે એમને 'આચાર્ય' પદથી વિભૂષિત કરવાનું ઠરાવ્યું ત્યારે એમણે નમ્રતાપૂર્વક એ પદનો પણ અસ્વીકાર કર્યો. વિદ્વત્તાના પ્રતીકરૂપ અપાતી 'પંન્યાસ' પદવીનો પણ એમણે અસ્વીકાર કરેલો. વડોદરાના શ્રીસંઘે તો એમણે પૂછ્યા વગર જ વિ. સં. ૨૦૧૦માં 'આગમપ્રભાકર'નું બિરૂદ આપી દીધેલું. પરંતુ આનું કશું ય વળગણ એમને નહોતું.

દેશી–પરદેશી અનેક વિદ્વાનોએ એમની રાહબરી નીચે સંશોધન કર્યું છે. છતાં ય ગુરુપદનો લેશ પણ મદ કયાંય કળી શકાશે નહિ. ઉચ્ચતમ ઉપાધિ પીએચ. ડી. ના પરીક્ષક તરીકે પણ એમણે એટલી જ નિર્લેપતાથી કામગીરી કરી હતી. ઈ. સ. ૧૯૫૯માં અમદાવાદ ખાતે મળેલા "ગુજરાતી સાહિત્ય પરિષદ'ના વીસમા અધિવેશનના ઇતિહાસ–પુરાતત્ત્વ વિભાગના એઓ પ્રમુખ વરાએલા. ઈ. ૧૯૬૧માં કાશ્મીર ખાતે મળેલા 'ઓલઈંડિયા ઓરિયેન્ટલ કોન્ફરન્સ'ના એકવીસમાં અધિવેશનમાં 'પ્રાકૃત અને જૈન ધર્મ' વિભાગના અધ્યક્ષ તરીકે એ પસંદ થએલા. ઇ. ૧૯૭૦માં અમેરિકાની 'ઓરિયેન્ટલ સોસાયટી'એ એમને માનાર્હ સભ્ય તરીકે ચૂંટી કાઢયા હતા. આવું માન મેળવનાર કદાચ એઓ પ્રથમ જ હિંદી હશે. એમના પાંડિત્યનો આ કંઇ ઓછો પૂરાવો નથી. આથી જ પ્રો. ડૉ. ડબ્લ્યુ. નોર્મન બ્રાઉનના શબ્દો યથાર્થ લાગે છે; (He is a worthy representative of the best Indian tradition of learning and teaching.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(તેઓ ઉત્તમ ભારતીય અધ્યયન-અધ્યાપન પ્રણાલીના એક આદરણીય પ્રતિનિધિ છે.)

એમની જ્ઞાનપ્રવૃત્તિનાં બે સુફળ તે પાટણના 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન મંદિર'ની તેમજ અમદાવાદના 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ની સ્થાપના. અનેક વિદ્વાનો અને અભ્યાસીઓને માટે આ બંને સંસ્થા આશીર્વાદ રૂપ બની છે. એમની સક્રિય પ્રવૃત્તિની તેમજ પ્રાચીન જ્ઞાનવિસ્તરણ વૃત્તિની આ ન ભુલાય તેવી દેણગી છે. અનેક વ્યક્તિઓ અને વિદ્વાનોથી ઘેરાએલા પુણ્યવિજયજી એક વ્યક્તિ નહિ પણ સ્વયં સંસ્થારૂપ હતા.

વિદ્યાભ્યાસંગમાં તો એઓ વ્યાધિને પણ વીસરી જતા. ઈ ૧૯૫૫ની વર્ષાઋતુના દિવસો હતા. સંગ્રહણીના રોગે એમને ઘેરી લીધા. વ્યાધિ ઉગ્ર સ્વરૂપ પકડતો ગયો. લગભગ દોઢ વર્ષ સુધી એઓ પીડાયા; પરંતુ તે દરમિયાન એમને સધિયારો આપ્યો શાસ્ત્રાભ્યાસંગે. 'કથારત્નકોષ'નું સંપાદન અને 'નિશીથચૂર્ણિનું' અધ્યયન એમણે આ નાદુરસ્ત તબિયતે જ એમની જ્ઞાનભક્તિ અને ચિત્તની સ્વસ્થતા અહીં પ્રગટ થયા વગર રહેતાં નથી.

આવા આત્મસાધક સંત પોતે અનેકાંતવાદની સાક્ષાત્ પ્રતિમા હતા. પોતાની તેજસ્વી બુદ્ધિને સ્વાશ્રયના જળસિંચનથી એમણે અવિરત ફળદાયિની બનાવી હતી સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ને જૂની ગુજરાતીના આ પ્રકાંડ પંડિત પાંડિત્યદંભથી હમેશાં દૂર રહેતા. કદાપિ વિકાર ન પામી શકે એવી ચિત્તવૃત્તિકાવાળા એઓ સાચા આધ્યાત્મિક પુરૂષ હતા. વિપરિત સંજોગો પણ એમના દઢોત્સાહને કદાપિ વિચલિત નહોતા કરી શકયા. બાસઠ વર્ષનું એમનું દીક્ષાજીવન એટલે અવિરત કર્મયાત્રા અને અખંડ જ્ઞાનયજ્ઞ. પોતાની સાધના સાથે સાથે એમણે અનેકોને અધ્યાત્મજ્ઞાન આપ્યું હતું. એઓ શાસ્ત્રીય દષ્ટિસંપન્ન સંપાદક, શ્રમશીલ સંશોધક, વિનમ્ર વિદ્વાન, આદર્શ શ્રમણ અને ગુણગ્રાહી વત્સલ વ્યક્તિ હતા. એક સાચા વિદ્વાનને છાજે એ રીતે એઓ આજીવન વિદ્યા-અર્થી જ રહ્યા. પુણ્યવિજયજી એટલે જ નખશિખ વિદ્યાર્થી. એમની વિદ્યાપ્રીતિ અને વ્યવહારરીતિ નિરાડંબરી અને નિખાલસ હતાં ૭૬ વર્ષની ઉંમરે મુંબઈમાં 'પ્રોસ્ટેટ'ની શસ્ત્રક્રિયા બાદ ૧૪મી જૂન ૧૯૭૧ના રોજ રાત્રે સાડા આઠ કલાકે આવા મનીષી સંત, પ્રજ્ઞાપુરૂષ અને આજીવન અક્ષર-સાધક સામ્યક્-રીતે જ ક્ષરને ત્યજી અ-ક્ષરત્વ પામ્યા. એમની જ્ઞાનસાધનાનો સ્રોત અસ્ખલિત રીતે અનેકોને પ્રેરણાવારિ પાતો રહે એ જ એમને સાચી અંજલિ હો!

"કુમાર" માસિક, અમદાવાદ, ફેબ્રુઆરી, ૧૯૭૨

# શોકાંજલિ

શ્રી ખાંન્તિલાલ રતિલાલ શાહ ભદ્રાવળવાળા) ઉંમર વર્ષ ૫૫ સં. ૨૦૪૯ના વૈશાખ વદ ૧૨ ને મંગળવાર તા. ૧૮-૫-૯૩ના રોજ મહુવા મુકામે સ્વર્ગવાસી થયેલ છે.

તેમના નિધનથી આપણી સભાને ખોટ પડી છે. તથા તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ દુઃખમાં અમો ઉંડી સમવેદના પ્રગટ કરીએ છીએ.

પરમાત્મા તેમના આત્માને ચીર શાન્તી આપે તેવી પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રેણિકરાજાનું સમકિત

## પરમાર ક્ષત્રિયોદ્ધારક

**પ્રવચનકાર, આચાર્ય, શ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સાહેબ**

જૈન શાસ્ત્રકારોએ ભગવાન મહાવીરસ્વામીના પરમ ભક્ત શ્રેણિક મહારાજાના ક્ષાયિક સમક્તિની ઘણી જ પ્રશંસા કરી છે.

તમેવ સચ્ચં નિસ્સંકં । જં જિણેહિં પવેઇણ્ણં ।

તે જ વાત સત્ય અને નિઃશંક છે જે જિનેશ્વર પરમાત્માએ કહેલ છે એવા પ્રકારની દ્રઢ શ્રદ્ધા અને માન્યતાથી સમક્તિની પ્રાપ્તિ થાય છે. સમક્તિ માટે જિનવચન સત્યની માન્યતા અને અતૂટ શ્રદ્ધા થઈ જાય તો ઘણું છે. એના માટે ન તો અગાધ જ્ઞાનની જરુર છે અને ન ઉત્કૃષ્ટ ચારિત્રની કહ્યું છે કે—

श्लाघ्यं हि चरण ज्ञान वियुक्तमपि दर्शनम् ।
न पुनर्ज्ञान चारित्रे मिथ्यात्वविष दूषिते ॥
ज्ञान चारित्र हीनोऽपि श्रूयते श्रेणिकः किल ।
सम्यक् दर्शन माहात्म्यात्तीर्थ कृत्वं प्रयास्यते ॥

જ્ઞાન અને ચારિત્ર રહિત સમક્તિ પ્રશંસનીય છે, પણ મિથ્યાત્વરુપી વિષથી દૂષિત થયેલું જ્ઞાન અને ચારિત્ર પ્રશંસનીય નથી. રાજા શ્રેણિકના વિશે એમ કહેવાય છે કે તેઓ જ્ઞાન અને ચારિત્રહીન હતા; પણ સમક્તિયુક્ત હોવાથી તેઓએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરેલ છે.

મહારાજા શ્રેણિકને ન તો તત્વનું જ્ઞાન હતું અને ન તો એ દીક્ષા લઇને સાધુ બન્યા હતા; છતાં જિન-વાણી પ્રત્યેની દ્રઢ શ્રદ્ધાથી તેઓને સમક્તિની પ્રાપ્તિ થઈ હતી. એ સમકિતના બળે તેઓ તીર્થંકર પણ થશે. શ્રેણિકને સમકિતધારી બનાવ્યા હતા. તેઓની અનન્ય શ્રદ્ધાએ! ભગવાન મહાવીર સ્વામીના વચન ઉપર દ્રઢ અને અવિચળ વિશ્વાસ હતો. તેઓની દ્રઢ આસ્થાથી ભ્રષ્ટ કરવાની કોઇમાં તાકાત ન હતી. સમકિતથી ડગાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા. કઠિણ પરીક્ષા કરવામાં આવી હતી. પણ તેઓ જરા પણ શ્રદ્ધાથી વિચલિત ન થયા અને કસોટીમાં પાર ઉતર્યા ને પરીક્ષામાં પૂર્ણ રુપે પાસ થયા. આપણે પણ અહીંયાં શ્રેણિક રાજાના સમકિતનું દ્રષ્ટાંત જોઇએ.

એક વખત ઇન્દ્ર મહારાજાએ પોતાની સભામાં મહારાજા શ્રેણિકના સમકિતની પ્રશંસા કરી. ઇન્દ્ર મહારાજાના મુખથી એક માનવી જેવા પ્રાણીની આટલી બધી પ્રશંસા એક દુર્દશંક નામના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવથી સહન ન થઇ. તેણે શ્રેણિક મહારાજાના સમકિતની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. એ માટે તે સ્વર્ગમાંથી રાજગૃહી નગરીમાં આવ્યો.

ભગવાન મહાવીરસ્વામી રાજગૃહી નગરીમાં જ બિરાજમાન હતા. મહારાજા શ્રેણિક દરરોજ પરમાત્માના દર્શન-વંદન અને દેશના સાંભળવા આવતા હતા. તે દિવસે પણ તેઓ ભગવાનની દેશના સાંભળીને પોતાના મહેલ તરફ જઈ રહયા હતા. તે માર્ગમાં એક નદી, નદીમાં પાણી હતું અને પાણીમાં નાની-મોટી માછલીઓ તરતી હતી.

જ્યારે મહારાજા શ્રેણિક નદીની પાસે આવી પહોંચ્યા તો શું જોયું કે એક જૈન સાધુ પોતાના સંયમના ઉપકરણો-ઓઘો, મુહપત્તિ, પાતરા અને ડાંડો આદિને કિનારા ઉપર મૂકી નદીની વચ્ચે જઇને જાળ નાંખીને, તે જાળમાં માછલિઓ ફસાવી રહયો છે. જે માછલિયો જાળમાં ફસાઈ જાય તેને કાઢીને પોતાના પાતરામાં નાંખી રહયો છે.

મહારાજા શ્રેણિકથી સંયમથી આચાર વિરુદ્ધ કરતાં એ સાધુનું કાર્ય જોવાયું નહીં. તેઓએ પોતાનું રથ ઉભુ રખાવ્યું અને નીચે ઉતરીને સાધુને પુછયું- "મુનીશ્વર! આપ આ શું કરી રહયા છો? આ કાર્ય તો ભગવાન મહાવીરના આચારથી વિરુદ્ધ છે. તેઓ તો અહિંસાને ધર્મ માને છે અને કહે પણ છે. આપ તો હિંસા કરી રહયા છો. ભગવાને આવો ઉપદેશ કયારે પણ આપ્યો નથી. તેમના બીજા ઘણા સાધુઓ છે પણ તે આવુ પાપકર્મ કરતા નથી. સાધુના વેશમાં આપ સંયમ લઇને એવું અધર્મ કેમ આચરી રહયો છો?"

શ્રેણિક રાજાની વાત સાંભળીને પહેલાં તો તે સાધુ હસ્યો, પછી કહયું- 'રાજન! તમે કેટલા અજ્ઞાની છો. ભગવાનના સાધુઓના ભીતરી ચારિત્ર તમે શું જાણો? ભગવાનની કથની અને કરણીમાં ઘણું અન્તર છે. તેઓ કહે છે જુદુ અને કરે છે કાંઇક જુદુ તેઓના બધા સાધુઓ આવુ જ પાપ કર્મ કરે છે. અન્તર ફકત એટલું જ કે મને તમે પાપ કર્મ કરતા જોઈ લીધા અને તેઓને હજુ તમે જોયા નથી. પરમાત્મા મહાવીર જે તત્વનું ઉપદેશ આપે છે અને જેના ઉપર તમારી આટલી શ્રદ્ધા છે. તે હકીકતમાં બધું ખોટું છે. અશ્રદ્ધેયને તમે તમારી શ્રદ્ધાના કેન્દ્રબિંદુ માની બેઠાં છે. આવી પાપલીલા કરવાવાળા, આચારથી ભ્રષ્ટ સાધુઓ ઉપર તમે શ્રદ્ધા અને વિશ્વાસ કેમ રાખો છો?

એ પ્રમાણે કહીને તે સાધુરુપે દેવે વિચાર કર્યો કે હવે તો શ્રેણિક રાજાની શ્રદ્ધા નિશ્ચિત રુપથી ડગી ગઈ હશે અને તેના સમકિતનું પાયો ઢીલો પડી જશે. પણ તે મચ્છીમાર સાધુની વાતોની શ્રેણિક રાજા ઉપર કાંઈ અસર ન થઈ. શ્રેણિક રાજાએ તેને કહયું- એવું કદાપિ થઈ જ ન શકે. ભગવાનની કથની અને કરણીમાં તલમાત્ર અંતર હોઈ જ ન શકે. તેઓ જે કાંઈ પણ કહે તે ઉપર મને પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે. ભગવાનના સાધુઓ વહેતાં નીરની જેમ નિર્મળ અને પવિત્ર છે. તેઓનું ત્યાગ, તપશ્ચર્યા અને સંયમની હું અનમોદના કરું છું. આપ જ એવા દુર્ભાગી છો કે જે દેવતાઓને પણ દુર્લભ એવા સંયમમાર્ગને સ્વીકારીને તેનાથી ભ્રષ્ટ થઈ રહ્યા છો. હું આપને પ્રાર્થના કરુ છું કે આપ આવા પ્રકારના પાપ-કર્મના આચરણ છોડી દયો અને ભગવાનના બીજા પવિત્ર સાધુઓની સાથે પુનઃ ભળી જાઓ. ભગવાન પાસે જઈને પોતાના પાપનું પ્રાયશ્ચિત કરી લ્યો."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ પ્રમાણે કહી શ્રેણિક મહારાજા પોતાના રથમાં બેસીને આગળ નગરી તરફ ચાલતા થયા જેવું એમને નગરમાં પ્રવેશ કર્યો, સામે જ એક યુવા સાધ્વી આવતી જોઈ તેના લક્ષણ જોઈને શ્રેણિક મહારાજાને આશ્ચર્ય થયું. તે યુવા સાધ્વીના હાથ પગ મેહંદીથી રંગાયેલા હતા. આંખોમાં અંજન આંજેલું હતુ. વાળ વ્યવસ્થિત કર્યા હતા. શરીર અલંકારોથી શણગારેલું હતું. મોઢું પાન સોપારીથી ભરેલું હતું, આંખોમાં વિરાગની જગ્યાએ વિકાર ભરેલું હતું એવા અનાચારોની સાથે તે સાધ્વી ગર્ભવતી હતી.

શ્રેણિક મહારાજાએ રથ ઉભો રખાવ્યો, તેઓ નીચે ઉતર્યા અને સાધ્વીજીને કહ્યું– "આપ એવું આચાર વિરૂદ્ધ આચરણ કેમ કરો છો ? આપના એવા અનાચારથી શાસનની અવહેલના અને ધર્મની નિંદા થાય છે. ભગવાન મહાવીરસ્વામીનો આ આચાર નથી. ભગવાનનો માર્ગ તો સંયમનું છે. આપ અસંયમમાં કેમ ચાલો છો ?"

શ્રેણિક મહારાજાનું વચન સાંભળીને તે ગર્ભવતી સાધ્વીજીએ કહ્યું– "હું કાંઈ એકલી આવું કરુ છું ?બધા સાધ્વીઓના આચરણ મારા જેવા જ છે, એમાં મારુ એકલીનું દોષ નથી. ભગવાનનું ઉપદેશ અમને એવું જ શિખવાડે છે."

શ્રેણિકે કહ્યું– "ભગવાનનું માર્ગ સંયમનું છે અસંયમનું નહિં. તેઓનું ઉપદેશ તમારા જેવા ભ્રષ્ટ આચરણ નથી શિખવાડતું. તેઓની બધી સાધ્વીઓ આચારનિષ્ઠ અને ચારિત્રશીલ છે. તમારા જેવી પતિત નથી."

આટલું કહીને શ્રેણિક રથમાં બેસી ગયા. તેજ સમયે દેવતાએ પોતાનું દિવ્ય રુપ પ્રગટ કરી સામે આવી ઉભા રહ્યા અને તેઓની શ્રદ્ધા અને સમકિતની પ્રશંસા કરતાં કહ્યું:– અનાચારી એવા સાધુ–સાધ્વીના રુપે હું તમારા સમકિતની પરીક્ષા કરવા આવ્યો હતો. આચારથી વિપરીત કાર્ય કરીને હું ભગવાન મહાવીર અને તેઓના શાસનથી આપની શ્રદ્ધા ભ્રષ્ટ કરવા ઇચ્છતો હતો પણ આપનું સમકિત નિર્મળ છે. આપની શ્રદ્ધા હિમાલય જેવી અટલ છે. તમારી પરમાત્માં પ્રત્યેની અનન્ય ભક્તિ અને શ્રદ્ધાથી ચલાયમાન કરવું અસમ્ભવ છે. આપ વન્દનીય અને પ્રશંસનીય છો.

શ્રેણિક રાજાના સમકિતની પરિક્ષા દેવે લીધી અને એ કસોટીમાં એમનું સમકિત નિર્મળ છે. અને શ્રદ્ધા અટલ છે એ સિદ્ધ થયું. પણ એની સાથે વિચારણીય વાત એ છે કે જે શ્રેણિક સાથે એવું પ્રસંગ ઘટ્યું તે અમારી સાથે પણ ઘટિ શકે છે અને એવા પ્રસંગ ક્યારે ક્યારે અમારા જીવનમાં આવી ઉભા રહે છે. આજના કલિયુગમાં આ પંચમ કાળમાં આ દ્રષ્ટાંત ચિન્તનીય છે. મેં ઘણા લોકોને એવું કહેતાં સાંભળયું છે, "અમારી શ્રદ્ધા આ સાધુ–સાધ્વીઓ ઉપર નથી રહી. સાધુ–સાધ્વીઓનું આચાર વિરુદ્ધ આચરણથી એમના ઉપરનો અમારો વિશ્વાસ ઉઠી ગયું છે."

તમારો સમકિત ત્યારે નિર્મળ થશે જ્યારે આપ જિનેશ્વર દેવ પ્રત્યે તેમના બતાવેલા માર્ગ પ્રતિ સાધુ–સાધ્વી, શ્રાવક અને શ્રવિકાઓ ઉપર અનન્ય શ્રદ્ધા રાખશો. આપની શ્રદ્ધા જેટલી પરમાત્મા પ્રત્યે તેટલી જ પરમાત્માના સાધુ–સાધ્વીઓ પ્રત્યે પણ હોવી જોઈએ. વર્તમાનમાં આ પંચમ આરામાં સમકિત પ્રાપ્ત કરવાનું તથા એને ટકાવી રાખવાનું નિમિત્ત સાધુ અને સાધ્વી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રેણિક રાજાએ સાધુને માછલી જાળમાં પકડતા જોઈ ગયા; તો પણ સાધુઓ પ્રત્યે શ્રદ્ધા એમનાં દિલમાંથી જરા પણ ન ખસી. સાધ્વીને ગર્ભવતી જોઈ તો પણ તેમનો ભાવ પરમાત્માના સાધુઓ ઉપરનો વિશ્વાસ ડગ્યો નહિ. શ્રદ્ધામાં જરા પણ મલિનત આવવા ન દીધી. શ્રેણિકની જગ્યાએ આપ જો હોત તો કલ્પના કરો કે આવા પ્રસંગો જોઈને આપણી શ્રદ્ધાને શું અડગ રાખી શકત ? આપણા સમકિતની શું રક્ષા કરી શકત ?

જો ગર્ભવતી સાધ્વી અને મચ્છીમાર સાધુને જોઈને પણ આપણી શ્રદ્ધા સાધુ-સાધ્વીઓ પ્રત્યે ડગમગ થતી નથી તો સમજવું જોઈએ કે આપણો સમકિત દ્રઢ છે. જો આવું જોઈને આપણી શ્રદ્ધા દ્દઢ ન રહે તો આપણો સમકિત કાચની બરણી જેવું છે જે જરીક ઠોકર લાગતાં ચૂર-ચૂર થઇ જાય છે. આવા સમક્તિવડે આપણું ઉદ્ધાર ક્યારે પણ નહિ થાય આવી શ્રદ્ધા અને સમક્તિ ક્યારે પણ પ્રશંસનીય થઈ શકવાનું નથી.

સમક્તિને નિર્મળ બનાવવા પરમાત્મા પ્રતિ અનુપમ ભક્તિ તેમના બનાવેલા માર્ગને અપનાવવુ પરમાત્માના પંચ મહાવ્રતધારી સાધુઓ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા થશે ત્યારે જ સમકિત નિર્મળ બનશે.

# 卐 દિક્ષાર્થી બ્હેનોનું અનોખુ વરસીદાન 卐

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ વાલકેશ્વર સંઘમાં કુમારી બિંદુબેન અને કુમારી ચંદ્રીકાબેનની દિક્ષા પ્રસંગે તેમનું બહુમાન કરવાનો પ્રસંગ ભવ્ય અને અનોખી રીતે ઉજવાયો. તેમનો વરસીદાનનો વરઘોડો કાઢીને ઘોડાગાડી વિગેરેમાં રસ્તા ઉપર ચોખા, રૂપિયા. ચાંદીના સિક્કા વિગેરે વરસાવીને ઉજવવાને બદલે અનેક સ્થનકવાસી સંઘો, જીવદયા અને માનવસેવા કરતી સંસ્થાઓને હોસ્પિટલોને બોલાવીને દિક્ષાર્થી બ્હેનના પવિત્ર હસ્તે હોસ્પીટલના જરૂરીયાતવાળા દર્દીઓને આજની મોંઘી સારવારમાં ઉપયોગી દવા માટે સર હરાકસનદાસ નરોત્તમદાસ હોસ્પિટલને રૂા. ૩૧,૦૦૦ એકત્રીસ હજાર રૂપિયાનું દાન આપ્યું. આવી જ રીતે કાંદાવાડી જૈન ક્લીનીક, ભાટીયા હોસ્પિટલ, કોઠારી હોસ્પિટલ, થાણા મેન્ટલ હોસ્પિટલ, હિન્દુ સભા હોસ્પિટલ, નાયર હોસ્પિટલ, અશ્વિની મેડીકલ રીલીફ સોસાયટી વિગેરેને બધુ મળીને રૂા. પાંચ લાખનું દાન આપવામાં આવ્યું. વાલકેશ્વર સ્થાનકવાસી જૈન સંઘે આ એક નવો અભિગમ અપનાવ્યો છે. દિક્ષા પ્રસંગે નવિ દૃષ્ટિ આપી છે. આ પ્રસંગે સંપ્રદાયના સાધુ ભગવંતો, પૂ. મહાસતિજીઓ અને વાલકેશ્વર સ્થાનકવાસી જૈન સંઘ અભિનંદનને પાત્ર છે.

ખરેખર જૈન સમાજે આ ઉત્તમ અને અનુકરણીય અનોખુ પગલું ભરીને અનેક હોસ્પિટલના જરૂરીયાતવાળા મધ્યવર્ગી દર્દીઓના પકારી બન્યા છે. તારિખ ૨૬-૫-૯૩ના રોજ બન્ને બ્હેનો બિન્દુબેન અને ચંદ્રિકાબેનની પવિત્ર દિક્ષા દિન હતો. અમારા તરફથી તેમની અનુમોદના કરતા આનંદ થયેલ છે. આપશ્રીઓ જૈનધર્મ પ્રેમીઓનું કલ્યાણ કરવા સાથે માનવ સેવાના આ કાર્યને પણ પ્રેરણા આપતા રહેશો. તેવી પ્રાર્થના.

(મુંબઈ સમાચારમાંથી સાભાર ૨૬-૫-૯૩)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "આયુષ્ય ઘટતું જાય તો પણ બુદ્ધિ નવ ઘટે"

લેખક : કનાડીયા મનીષ નગીનદાસ

આપણા પૂર્વજોના કાળમાં જો આપણે ડોકીયું કરીએ અને અવલોકન કરીએ તો આપણને એક વસ્તું સ્પષ્ટ દેખાશે કે આપણા એક-એક નાયક કે મહાત્માના જીવનમાં, એક વસ્તુની સમાનતા નજરે તરી આવશે કે દરેક મહા પુરૂષોએ પોતાના જીવનમાં પોતાની જીવનની શરૂઆત થતા જ આ સંસારને ઠોકર મારી અને "આત્મશ્રેયના માર્ગે" પ્રયાણ કરેલું છે, દરેકની એક મહેચ્છાઓ હતી કે પોતાના પુત્ર પોતાનો કારોભાર સંભાળી લે એટલે પોતે પોતાના આત્માના શ્રેયનો માર્ગ અપનાવી લે.... આપણે દશરથ જૂઓ કે રામ જૂઓ.... કે રાજા ભતૃહરી જૂઓ કે મંત્રી શકટાલ જૂઓ કોઇકની મહેચ્છાઓ પૂર્ણ થઇ તો કોઇકની અધૂરી રહી. પરંતુ, મનોરથ તો દરેકના એક જ જોવા મળતા કે જીવનનો શેષકાળ તો ધર્મધ્યાનમાં જ પૂર્ણ થાય...

મહાપુરૂષોના જીવનની એક ખાસીયત એ હતી કે ધર્મ-અર્થ-કામ-અને મોક્ષ આ ચાર પુરૂષાર્થમાંથી જીવનની શરૂઆતમાં એટલે કે યૌવન કાળમાં પણ અર્થ અને કામ પ્રથમ ધર્મને લક્ષમાં લઇને જ સાધવામાં આવતા, જ્યારે પોતાની અવસ્થાનો સમય તો ફક્ત ધર્મ અને મોક્ષના પુરૂષાર્થમાં જ પૂર્ણ થતાં.... જેમ જેમ સમય વહિ જતો તેમ-તેમ કામ અને અર્થની તૃપ્તી થતી. એ કામ અને અર્થ તેને જયારે બોજારૂપે લાગતો કે તરત જ.... સાપ જેમ કાંચળી ઉતારે તેમ આ સંસારને તેઓ છોડીને પોતાના આત્માના શ્રેય માર્ગ તરફ પ્રયાણ કરવા ચાલી નીકળતા.... પરંતુ આજ ! આજ સમય તદ્દન બદલાઈ ગયેલો લાગે છે. કાળમાં ઘણુ જ પરાવર્તન આવી ગયેલું છે.

માનો કે ન માનો આ આદર્શને એટલે કે ધર્મ-પુરૂષાર્થ અને મોક્ષ પુરૂષાર્થની અવગણના જ આપણને સંસાર ખારો બનાવે છે. "પાપ બુદ્ધિ નવ ઘટે" અનુસાર જ આજે સાસુ-વહુ, બાપ-દિકરો, ભાઈ-બ્હેન વચ્ચેનો મનમેળ-લાગણી-પ્રેમ-વગેરે ઘટતા જાય છે, સંસારમાં કલેશ વધતો જાય છે અને જીવનનું નંદનવન એ કૂરૂક્ષેત્રની રણભૂમી બને છે. અપવાદ છે કે આજે થોડા પણ સમજૂઓ છે. જીવનમાં જો જીવનની સંધ્યાએ ધર્મ-ધ્યાન થાય તો સૂર્યોદયે તો ચોક્કસ સૂખ જ પ્રાપ્ત થાય. બાકી આજના યુગમાં નિવૃત્ત અવસ્થા થાય એટલે ગામ-ગપાંટા-નિંદા-કૂથલી કરવાની શરૂ. એક આખોય દિવસ નવરા-નવરા કાઢવાનો એટલે ફલાણાએ આમ કર્યું-પેલાએ આટલા પૈસા ખાધા – પેલો અભિમાની છે વગેરે પાપો જ બાંધવાના, અધૂરૂમાં જીભના સ્વાદ અને ટેસ્ટનાકારણે રોટલી ગરમ જ જોઈએ-ફરસાણ તો આવું જ જોઈએ નિરાંતે એશ-આરામ જોઇએ હવે આ બધું જ્યાં સુધી બરોબર મળે ત્યાં સુધી તો ઠીક પણ જે દિવસે આમાથી કાંઇકની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઊણપ આવી એટલે જોઈ લો તેમનો રંગ, અઢારે પ્રકારના પાપો બાંધે એક સેકન્ડમાં, નાટક–સીનેમાં ટીવી–હોટલ, કલબો, પાણી–ભાજી, પંજાબી શાક, વગેરેના ભરપૂર ટેસ્ટના કારણે આજનો માનવ કેવા કેવા પાપો બાંધે છે. આવી પરિસ્થિતિમાં જ્યારે ખેંચતાણ સર્જાય છે એટલે કંકાશ, કલેશ અને અબોલાનું વાતાવરણ કૂટુંબમાં અને સમાજમાં સર્જાય છે.

હવે આના કરતાં જો બીજી રીતે વિચાર કરીએ તો જો જીવન સંધ્યાએ બીજી બધી પંચાતો પડતી મૂકી, સ્વાદના ચટાકાઓ ઓછા કરી ૪૫–૫૦ વર્ષની ઉંમરે પહોંચેલાઓ દરેકે તો ખાસ પોતાનાં મનને ધર્મધ્યાન તરફ વાળી દેવામાં આવે તો આખોય દિવસ પવિત્ર વાતાવરણમાં પરોવાય જવાના કારણે આવી નાની નાની બાબતોમાં કલેશ થવાનો કે રાગ–દ્વેષ થવાનો અવસર જ પેદા ન થાય અને એટલે જ આપણા વેદો–પૂરાણા ગ્રંથોમાં બતાવ્યા મુજબની ચાર આશ્રમ અવસ્થા મુજબ જીવન ગુજારીએ તો હું નથી માનતો કે જીવનમાં ક્યાંય આડ કે સંઘર્ષ પેદા થાય.

પણ આ તો ઉલટી ગંગા છે **" આયુષ્ય ઘટતું જાય તો પણ પાપ બુદ્ધિ નવ ઘટે "** અરે પાપ બુદ્ધિ ઘટવાની વાત તો જવા દો ઊલટાની વધે છે. જતી જીંદગીએ પણ નવા નવા શોખો વધતા જાય છે. ચાર આશ્રમમાંથી એક પણ આશ્રમનું આજે યોગ્ય પાલન થતું નથી. (૧) વિદ્યાશ્રમ : – આની વ્યવસ્થા જોઈએ તો એમાં આજે પરિસ્થીતી સાવ બદલાય જ ગઈ છે.... ક્યાં કુદરતના ખોળે, કુદરતી અવસ્થામાં પ્રાપ્ત થતી વિદ્યા ને ક્યાં આજે ચોપડાના બોજના કારણે દફતર પણ ન ઉંચકી શકાય એવા ટેન્શનવાળી વિદ્યા, અધુરામાં પૂરૂ વિદ્યા સાથે સહ શિક્ષણ ના નામે થતા વ્યાભિચારની તો વાત જ ક્યાં કરવી. (૨) ગૃહસ્થાશ્રમ :– આમાં પણ આજે કોઇ માન–મર્યાદા ક્યાં રહિ છે. ઘરમાં એક જ રૂમની અંદર સાસુ–સસરા દિકરો–દિકરી–વહુ એક સાથે જ ટી.વી. પીકચરના ક્રૂર અને ખરાબ દૃશ્યો જોતાં જરા પણ સંકોચ નહિ.... મોટો પરણ્યો પછી નાનો પરણ્યો અને જોઇલો જૂદા થયા વિના રહે જ નહિ અને થવું જ પડે છે કારણ કે દરેકને સ્વછંદતા જ જોઈએ છે. ભાઇના લગ્નમાં સગાઓ કરતાં મિત્રો વધારે હોય પછી સ્વચ્છંદી જ બને ને. હવે બાકી રહે છે (૩) બ્રહ્મચર્યાશ્રમ અને (૪) વાનપ્રસ્થાશ્રમ મને લાગે છે કે આ તો શબ્દો પણ ઘણા એ પેહલીવાર વાંચ્યા હશે. જાણે કે એ આપણા માટે સર્જાયા જ ન હતા. એમ જાણે કે સાવ ભૂલાય ગયા છે.

ખેર જે હોય તે માનવને પોતાની પાછલી જીંદગીમાં નવરાશની પળોમાં નિંદા–કૂથલી–મોજશોખના બદલે જો ઉભયટંક પ્રતિક્રમણ–સામાયિક–પૂજા–ગરીબોની સેવા કોઇ સંસ્થામાં નિઃસ્વાર્થ-પણે કાર્ય કરવામાં આવે તો ખરેખર પોતે તો તરે પરંતુ બીજા કેટલાયના તારણહાર પણ બને.

જેમ જેમ આપણું આયુષ્ય ઘટતું જાય તેમ તેમ પાપ બુદ્ધિ ઘટવી જ જોઇએ તો જ સંસારમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને સંસાર સાગરમાંથી પાર ઉતરી જવાય.

પરંતુ વાત એ છે કે,

" આયુશ્ય ઘડતું જાય તો પણ પાપબુદ્ધિ નવ ઘટે. "



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગૃહસ્થી છતાં બ્રહ્મચારી, ખાવા છતાં ઉપવાસી યાને

# સૂર અને સોમ

સંપાદિકા : ભાનુમતી ન. શાહ

સૂર અને સોમ બન્ને સગાભાઈ હતા. સૂર મોટો અને સોમ નાનો હતો. સૂર રાજા હતો, સોમ યુવરાજ હતો. એક દિવસ શ્રાવસ્તીમાં ધર્મવૃધિ નામના આચાર્ય પધાર્યા. તેમની દેશના સાંભળી સોમે દીક્ષા લીધી.

સોમ થોડા જ વખતમાં અગિયાર અંગ વગેરે શાસ્ત્રો ભણ્યા અને પોતાના શરીરને તેમણે તપથી દુર્બળ બનાવ્યું. સાથે જ મનને પણ અનાશક્ત બનાવ્યું.

રાજા સૂર રાજ્યનું પાલન કરવા લાગ્યા. પણ તેમનું મન તો સોમના સંયમની અનુમોદનામાં જ હતું.

'રાજન્ ! ઉદ્યાનમાં સોમ રાજર્ષિ પધાર્યા છે' એક વખત ઉદ્યાન માલિકે આવી રાજાને ખબર આપ્યા.

રાજા રાણી અને સૌ પરિવાર ઉદ્યાનમાં ગયો અને મુનિની દેશના સાંભળી પાછા ફર્યા. અહીં રાણીએ એવો અભિગ્રહ લીધો કે જ્યાં સુધી મુનિરાજ અહીં રહે ત્યાં સુધી તેમને વંદન કર્યા સિવાય મારે આહાર ન લેવો. નગરી અને ઉદ્યાન વચ્ચે એક નદી હતી, આ નદી વરસાદ આવે ત્યારે છલોછલ ભરાતી પણ વરસાદ ન હોય ત્યારે છીછરી થતી. એક રાત્રિએ પુષ્કળ વરસાદ વરસ્યો. નદી છલોછલ ભરાઇ ગઈ. રાણીએ રાજાને પોતાના અભિગ્રહની વાત કરી અને બોલી નાથ ! શું કરીશું ! નદી તો છલોછલ હશે. સામે કિનારે કઇ રીતે જવાશે !

રાજા બોલ્યો ગભરાઓ નહિ, તમે તમારે જાઓ અને નદીના કાંઠે હાથ જોડી બોલજો, હે નદી દેવી મારા પતિનો મારા દેવરમુનીએ દીક્ષા લીધી ત્યારથી માંડી આજસુધી બ્રહ્મચર્યને શુદ્ધ રીતે પાળ્યું હોય તો મને સામે કિનારે જવાનો માર્ગ આપો.

રાણીને મનમાં હસવું આવ્યું. તે તો સારી રીતે જાણતી હતી કે દેવર મુનીની દીક્ષા પછી તો તેને સોમ શર્મ વગેરે પુત્રો પણ થયા હતા. પણ રાજા આવું બોલે છે તેમાં કાંઈ કારણ હશે તેમમાની પતિના વચનમાં શંકા ન લાવતા પરિવાર સાથે નીકળી અને નદીના કાંઠે આવી બોલી.

દેવી, મારે મુનિના વંદનનો નિયમ છે, મારા પતિએ મારા દેવર મુનિના દીક્ષા દિવસથી માંડી આજસુધી પૂરું બ્રહ્મચર્યવ્રત પાળ્યું હોય તો મને માર્ગ આપો. રાણી પાંચ-દસ મિનિટ હાથ જોડી આ પ્રમાણે પ્રાર્થના કરતી રહી ત્યાં તો નદીનું વહેણ બદલાયું અને ઉદ્યાન તરફ જવાનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માર્ગ છીછરા પાણી વાળો બની ગયો. રાણી નદી ઓળંગી સામે કિનારે ગઈ. તેણે મુનિને ભાવથી વાંદ્યા અને એક અલાયદી જગ્યામાં તેણે રસોઈ કરી, મુનિને વ્હોરાવી પારણું કર્યું. પારણા બાદ મુનિને વાંદી રાણી બોલી, ભગવંત અમે અહીં આવ્યાં ત્યારે નદી બે કાંઠે હતી હું નદી કાંઠે આવીને બોલી દેવી મારા ધણીએ મારા દેવર મુનિએ વ્રત લીધું તે દિવસથી મારા પતિએ પૂર્ણ બ્રહ્મચર્ય પાળ્યું હોય તો અમને સામે કાંઠે જવાનો માર્ગ આપો, ભગવંત નદીએ માર્ગ આપ્યો. અમે અહીં આવ્યા પણ મને સમજાતું નથી કે આ કેમ બન્યું ! રાજાને તો તમારી દીક્ષા પછી ઘણા પુત્રો થયાને છે. પછી બ્રહ્મચર્ય વ્રત કયાંથી !

મુનિ બોલ્યા, ભદ્રો પાપ અને પુણ્યમાં મનનુ જ કારણ છે સૂર રાજાએ મારી દીક્ષા પછી રાજ્ય અને ગૃહસ્થવાસ મળ્યા, પણ તેનું મન હંમેશા સંયમ પ્રત્યે જ રહ્યું છે, તેણે મનથી આ બધી વસ્તુ જુદી જ માની છે આથી તેનો પ્રભાવ નદી દેવીએ સ્વીકાર્યો, રાણીએ આશ્ચર્યથી માથું ધુણાવ્યું, તેને રાજા પ્રત્યે બહુમાન થયું અને બોલી, અહો શું તેમનું ગંભીર હૃદય અને શું એની ધીરતા.

સાંજનો સમય થયો, વરસાદ તો તેવો જ વરસતો હતો. નદી બન્ને કાંઠે ફરી જોશભેર વહી રહી હતી. સામે કિનારે જઇશું શી રીતે તે વિચારવા લાગી. ત્યાં મુનિ બોલ્યા, ભદ્ર ! મુંઝાઓ નહિ તમે નદીના કાંઠે જઈને બોલજો કે. મારા દેવર મુનિ સોમે દીક્ષા દિવસથી આજ સુધી ઉપવાસ કર્યા હોય તો હે નદી દેવી. મને માર્ગ આપો, આ સાંભળી રાણી પહેલા કરતાં પણ ખૂબ જ આશ્ચર્ય પામી, કેમકે હમણાં મુનિને તેણે ગોચરી વહોરાવી હતી, રાણી નદીના કાંઠે આવી અને બોલી.

હે નદી દેવી ! સોમ મુનિ દીક્ષાથી માંડી આજ દિવસ સુધી ઉપવાસી રહ્યા હોય તો મને માર્ગ આપો. રાણી આ ધ્યાન કરતી હતી, ત્યાં નદીનું વહેણ બદલાયું અને જોત જોતામાં સામા કાંઠાનો માર્ગ છીછરો થઈ ગયો, રાણી ઘેર આવી પણ તેને કેમે કરી સમજાય નહિ કે આમ કેમ થયું, મારી જાતે તો મેં મુનિને ગોચરી વહોરાવી છે, મુનિ રોજ ભિક્ષા લાવે છે અને વાપરે છે. પછી ઉપવાસી કેમ ! અને જો ઉપવાસી ન હોય તો દેવી જેવી નદી દેવી તે વચન સાચું કરી મને માર્ગ કેમ આપે.

રાણી રાતે પણ આજ વિચાર કરતી હતી. ત્યાં રાજા આવ્યા તેમણે પૂછ્યું દેવી શું વિચાર કરો છે.

રાણી બોલી નાથ, મુનિરાજ ગૌચરી વાપરે છે, છતાં હું બોલી કે મુનિ દીક્ષા પછી ઉપવાસી રહ્યા હોય તો મને માર્ગ આપો, મને માર્ગ મળ્યો અને હું આવી. આનું કારણ શું !

દેવી તુ સમજતી નથી કે એમનો ત્યાગ કેવો અપૂર્વ છે, દેહ તરફ એમને મોહ જ કયાં છે, તે દેહને ધારણ કરે છે અને પોષે છે, તેઓ બીજાના કલ્યાણ માટે તેમને ગમે તેવો આહાર આપો. રસવાળો હોય તો તેમની તરફ તેમને માન નથી અને રસ વગરનો હોય તો તેની તરફ તેમને અભાવ નથી. પછી તો તે ઉપવાસી જ ગણાયને !

રાણી વિચારવા માંડી, અહો આવી ભાઇઓની જોડલીને ધન્ય છે, એક રાજા બની રાજ્ય આળતાં પણ મુનિ જેવા છે અને બીજા ખાય છે પણ હંમેશના ઉપવાસી છે કવું તેમનું મન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને કેવી તેમની અડગતા. મન એજ પાપ બંધનું કારણ છે. અને તે મનનો આ બન્ને ભાઈઓએ કેવો સરસ વિચાર કર્યો છે. જવાબદારીથી રાજ્ય ખાળવું પડે છે અને ગૃહસ્થવાસ સેવવો પડે છે માટે સેવે છે. આ બધું કર્યા છતાં મનને સ્થિર રાખવું ઘણું મુશ્કેલ છે. તેમનું મન દીક્ષામાં છે તો તેઓ પણ દીક્ષા લે અને હું પણ દીક્ષા લઉં.

બીજે દિવસે રાજા રાણી બન્નેએ દીક્ષા લીધી અને સૂર પણ રાજા અને સોમ મુનિ મોક્ષે ગયા. પણ ગૃહસ્થાવાસમા રહ્યા છતા સાચા બ્રહ્મચારી અને રોજ ભોજન કર્યા છતા ઉપવાસી તેમના નામનો જગતમાં આદર્શ મુકતા ગયા,

(જૈન કથા સાગરમાંથી)

## યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સં. ૨૦૪૯ના જેઠ વદ ૦)) અમાસ રવિવાર તારીખ ૨૦–૬–૯૩ના રોજ તળાજા યાત્રા પ્રવાસ રાખવામાં આવેલ હતો. જેમાં નીચેના દાતાશ્રીની બ્યાજુ આવકમાંથી સ્વામીભક્તિ તથા ગુરૂભક્તિ કરવામાં આવેલ હતી. તેમજ તળાજા ડુંગર ઉપર શ્રી પાર્શ્વનાથજી ભગવાનના રંગ મંડપમાં સંગીતકારની મંડળી સાથે રાગરાગણી પૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી અને સભાના દરેક સભ્યશ્રીઓએ સારો લાભ લીધો હતો.

(૧) શેઠશ્રી ધનવંતરાય રતીલાલ શાહ અંબીકા સ્ટીલ માર્ટ વાળા.
(૨) શેઠશ્રી હઠીચંદ ઝવેરભાઈ શાહ.
(૩) શેઠશ્રી નાનચંદભાઈ તારાચંદ શાહ. મુંબઈ
(૪) શ્રીમતિ અંજવાળીબેન વચ્છરાજભાઇ શાહ. હઃ શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ.
(૫) શેઠશ્રી ચુનીલાલ રતિલાલ સલોત.
(૬) શેઠશ્રી જયંતિલાલ રતિલાલ સલોત.

ઉપર મુજબના દાતાશ્રીના બ્યાજુ રકમમાંથી યાત્રા પ્રવાસ યોજવામાં આવેલ હતો અને પ્રવાસમાં લઇ જવા માટે એક લકઝરી બસની વ્યવસ્થા–વ્યવસ્થાપકો તરફથી કરવામાં આવી હતી. અને તળાજા યાત્રા પ્રવાસ કરવામાં આવેલ હતી. સભાના સભ્યશ્રી ભાઈઓ તથા બ્હેનો સારા પ્રમાણમાં આવેલ હતા અને સવારના ચા–નાસ્તો કેરી વિગેરે આપવામાં આવેલ અને બપોરના રસ પુરીનું જમણ આપવામાં આવેલ હતું. ત્યારબાદ તળાજાની યાત્રા કરીને વળતી વખતે અલંગ ફરવા માટે અને જોવા માટે બસ લઈ જવામાં આવી હતી. અલંગના દરિયા કિનારે સભાના સભ્યશ્રી નરેન્દ્રભાઈ ખોડીદાસ શાહે અલંગ બાબતની પરિસ્થીતીની આછી રૂપરેખા દરેકને સમજાવી હતી, અને અલંગનો કાર્યક્રમ પતાવીને રસ્તામાં એક સુંદર સ્થળ જોઈને બસ ત્યાં આગળ રોકવામાં આવી હતી અને શ્રી કાન્તિલાલ રતીલાલ સલોત તરફથી ભીની ભેળનો નાસ્તો દરેક સભ્યશ્રીને આપવામાં આવેલ હતો. યાત્રા પ્રવાસ પતાવીને રાત્રીના ભાવનગર સુખરૂપ પરત આવેલ હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્મવલ્લભ–શીલ સૌરભ ટ્રસ્ટ

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરી મહારાજના સમુદાયના પૂજ્ય સાધ્વીજી શ્રી શ્રીલવતી-શ્રીજી મહારાજના જીવનકાર્ય, જીવન સાધના અને ગુરૂભક્તિની સ્મૃતિમાં શ્રી આત્મવલ્લભ શીલ સૌરભ ટ્રસ્ટ, પૂજ્ય સાધ્વીજી મહારાજોના અભ્યાસ માટે અને અર્ધમાગધી, પ્રાકૃતનો અભ્યાસ કરતી બહેનોને આર્થિક સહાય આપે છે.

કોલેજમાં અભ્યાસ કરતી જૈન વિદ્યાર્થીની જેમને અર્ધમાગધી અને પ્રાકૃત વિષયો લીધેલા છે અને આર્થિક સહાયની જરૂર છે, એમણે નિયત અરજીપત્રક કાર્યાલયેથી મંગાવી ૩૧ જુલાઈ સુધીમાં ભરી મોકલવું.

**કાર્યાલયનું સરનામું :–** શ્રી આત્મવલ્લભ–શીલ સૌરભ ટ્રસ્ટ,
ઠે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય,
ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, **મુંબઇ–૪૦૦ ૦૩૬**

## અભ્યાસ અંગે લોન શહાય

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી–વિદ્યાર્થિનિઓને એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર, ડાક્તરી, ચાર્ટર્ડ એકાઉન્ટસ તથા કોસ્ટ એકાઉન્ટસી, બિઝનેશ મેનેજમેંટ, લલિતકળા, જૈન ધર્મોના ઉચ્ચ અભ્યાસ માટે, ડિગ્રી અભ્યાસ માટે ધો. ૧૨ ની પરીક્ષા કર્યા પછી ટ્રસ્ટના નિયમાનુસાર લોનરૂપે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મ શતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ તરફથી સહાય આપવામાં આવે છે. તે માટેનું નિયત **અરજીપત્રક રૂા. ૩–૦૦ મ. ઓ. દ્વારા અથવા ટપાલ ટિકિટો મોકલવાથી નીચેના સરનામેથી મળશે.**

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
જન્મશતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ
C/o. શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૩૬

**અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૩૦ જુલાઈ છે.**

## શોકાંજલિ

શ્રી ખીમચંદભાઈ ફુલચંદભાઇ ઉં. વર્ષ ૯૮ સં. ૨૦૪૯ના અષાડ વદ ૩ બુધવાર તારીખ ૭–૭–૯૩ ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસ થયેલ છે,

તેઓ આપણી સભાના કાર્યવાહક સમીતીના સભ્ય હતા, તેમજ વડવા વિભાગમાં એક પ્રખર આગેવાન હતા. તેમનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સમવેદના દર્શાવીએ છીએ અને તેમના આત્માને પરમ શાન્તિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

## શાદીને સાદગીમાં ફેરવી

સમ્યગ્જ્ઞાનના અનન્ય પ્રેમી ગઢનિવાસી (હાલ મુંબઇ) શ્રી ગિરીશભાઈ યુ. પેથાણીએ તેમની સુપુત્રી ચિ. સ્વાતિનાં લગ્ન તા. ૨૬-૧૧-૯૨ના શુભદિને સત્કાર સમારંભ, દાંડીયારાસ કે ડેકોરેશન વગેરે કંઈ ન રાખેતાં શાદીને સાદગીમાં ફેરવી ધનનો સદ્ઉપયોગ થાય તે રીતનું આયોજનકર્યું હતું.

આ લગ્ન પ્રસંગ નિમિત્તે મુંબઇની સમસ્ત પાઠશાળાઓના શિક્ષક-શિક્ષિકાઓને પોતાના નિવાસસ્થાને (અશોક સમ્રાટ, વાલકેશ્વર) તા. ૧૪ ૧૧-૯૨ના નિમંત્રીને ભાવપૂર્વક ૧૫૦ શિક્ષક ભાઈ-બહેનોનું ચાંલ્લો કરી મીઠાઇના બોકસ સાથે ચાંદીની લગડી આપીને ભક્તિ-બહુમાન કર્યું. તે જ રીતે સુરત શહેરમાં જઈને આશરે ૯૨ શિક્ષક ભાઈ-બહેનોનું બહુમાન કર્યું હતું.

આ ઉપરાંત પાયધુની વિસ્તારના તથા વાલકેશ્વર વિસ્તારના દહેરાસરના તમામ કર્મચારીઓ (મહેતાજી, પૂજારી, પહેરગીર, ભૈયાજી, ઘાટી વગેરે) ને શ્રી ગોડીજી ઉપાશ્રયમાં અને વાલકેશ્વર પોતાના નિવાસસ્થાને નિમંત્રીને દરેકને ચાંલ્લો કરી મીઠાઇના બોકસ સાથે સ્ટીલનું વ.સણ આપીને બહુમાન કરેલ તે દૃશ્ય કોઇ અનોખું અને અદ્ભૂત હતું. કર્મચારીઓના મુખમાંથી ઉદ્ગારો નીકળતા હતા. કે અમે ઘણાં વર્ષોથી કામ કરીએ છીએ. મહોત્સવાદિ પ્રસંગે બક્ષિસ મળે છે પણ લગ્ન નિમિત્તે અમને યાદ કરી કરીને જે લાગણી વ્યકત કરવામાં આવી છે તે અમારા જીવનમાં આ પેલો પ્રસંગ છે. આવું અનોખું બહુમાન કરવા બદલ શ્રી પેથાણી પરિવારને ધન્યવાદ ઘટે છે.

પ્રેષક : શ્રી નગીનદાસ વાવડીકર, મુંબઇ

પ્રતિ,

BOOK POST

From.

**શ્રી આત્માનંદ પ્રકાશ**

ઠે. શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.